


## સલામી સવારની..

*સૈન્ય તો સાબદું છે સતત, તો ભચડી નાખો ને!*
*નાનકડા જંતુને પગથી જ કચડી નાખો ને!*
*ને ઉતરડી નાખો ચામડી નવાજના નકાબની -*
*જાણો છો કે કરાવે છે કોણ તો મચડી નાખો ને?!*
*('જડબાતોડ જવાબ દેશું...' પણ ક્યારે?!)*

હાઈકુ

*લ્યો ! ફાડી ખાસે,*
*વાઘ થઈ વાઘાણી -*
*સમસ્યાઓને...*

*જીતુ નો શ્રમ,*
*'વિજય'ની સ્થાપના -*
*અમિત રાજે...*

## ચિંતન

***બાના પહિરે સિંહકા, ચલૈ ભેડ કી ચાલ,***
***બોલી બોલે શિયાળ કી, કુત્તા ખાવે કાલ***

દંભ, પ્રપંચ, પાખંડ, છળકપટ જેવા દુન્યવી વહેવારો જોઈને કબીર કહે છે, જગત મ્હોરા પહેરીને ચાલે છે. ભ્રમ પેદા કરે છે. સિંહનું રૂપ ધારણ કરે છે પણ તેનું વર્તન ઘેટાં જેવું હોય છે. શૌર્યની ડંફાસ મારનારની હિંમત ભય જોતાં જ ગાયબ થઈ જાય છે. આ સાખીમાં કબીરે ધર્મને નામે ચાલતા ધતિંગ સામે ચેતવણી સ્વરુપે લખી છે. તેઓ કહે છે કે, શિયાળ જેવી લુચ્ચાઈ ભળે વાણીમાં હોય, તેનાથી પ્રભાવ પણ પાડી શકાય પરંતુ અંતે ભાંડો ફૂટી જાય છે. ત્યારે પસ્તાવાનો સમય આવે છે. આવી વ્યક્તિની દુર્ગતિ દર્શાવવા માટે કહે છે કે, કૂતરાઓ તેના મૃતદેહને ખાય છે. અર્થાત અંત સારો નથી આવતો. લોકોને સદ્‌માર્ગે દોરવામાં ક્યારેક કટુવચનો પણ કહેવાય પડે છે. ભોજા ભગતના વચનો કડવાં તરીકે કે ચાબખાના નામે ઓળખાય છે. લીમડાની જેમ સ્વાદ ભલે કડવો હોય પણ તેનું સેવન ગુણકારી હોય છે.

## સુવિચાર

- ત્રણ પ્રકારના મિત્રો હોય છે, આપણને પ્રેમ કરનારા,
  આપણા તરફ ઉદાસીન રહેનારા અને આપણને ધિક્કારનારા - **સુરેશ દલાલ**
- ખુદના ખડિયામાં જે માણસ કલમ બોળીને લખે એની શાહી કદી સુકાતી નથી - **પ્રબોધ જોશી**
- જે માણસ ચિંતા અને સપનામાં વહેરાય છે
  એ માણસ પોતે જ પોતાની કરવત લઈને પોતાના સમયને વહેરી રહ્યો છે - **માનસસૂત્ર**
- પ્રાર્થના એ સમગ્ર ચૈતન્યનો આવિષ્કાર છે. પ્રાર્થનાની વાણીમાં વાણિયાપણું ન હોય.
  પ્રાર્થનામાં નફાતોટાનો હિસાબ ન હોય - **મકરંદ દવે**
- ઝાડની જેમ માણસના મૂળ પણ ઊંડા હોવા જોઈએ જેટલા મૂળિયા ઊંડા હોય એટલો
  ઝાડનો વિકાસ વધુ હોય - **જાપાની કહેવત**
- આજનું ઔષધ : કારેલાનો રસ ભૂખ લગાડે, કરમીયા દૂર કરે અને ઉધરસ મટાડે છે

**(દીપક વી. આસરા)**

## બોધકથા

જીવનમાં દાન-પુણ્ય અને ક્ષમાનું મોટું મહત્ત્વ છે. પોતાના અર્ધામાંથી પણ અર્ધુ આપનાર અને સામેની વ્યક્તિની ભૂલ-દોષ છતાં તેને હૃદયપૂર્વક જે ક્ષમા આપી શકે તે 'ઉચ્ચત્તમ' કોટિનો જ્ઞાની છે.

એક ગુરુના શિષ્યમંડળમાં ચર્ચા ચાલતી હતી કે સ્વર્ગનો અધિકારી કોણ કોણ થઈ શકે! યાદી મોટી - લાંબી લચક થઈ ગઈ - તેથી અમૂક શિષ્યોએ કહ્યું 'સ્વર્ગ'થી ઉપરનું પણ કોઈક 'લોક' તો હશે જ ને ત્યાં કોણ જઈ શકે? ચાલો ગુરુજી પાસેથી માર્ગદર્શન મેળવીએ - ગુરુજીએ એના જવાબમાં એક શ્લોક કહ્યો :

***દ્વાવિમૌ પુરુષૌ લોકે સ્વર્ગસ્થોપરિ નિષ્ઠતિ ।***
***પ્રભુશ્ચ ક્ષમયા યુક્તો દરિદ્રશ્ચ પ્રદાનવાન ॥***

'જે મનુષ્ય સમર્થ હોવા છતાં દાનવીર હોય તે સ્વર્ગથી પણ ઉપરના લોકમાં જવાનો અધિકાર છે.'

# ભાજપનો સૌરાષ્ટ્ર અને યુવા કેન્દ્રી ચક્રવ્યૂહ

ભારતીય જનતા પાર્ટીના ચાણક્ય ગણાતા રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ તરીકે જીતુ વાઘાણી જેવા યુવાન પાટીદાર નેતાની નિમણૂક કરીને વધુ એક માસ્ટર સ્ટ્રોક માર્યો છે. વિજય રૂપાણીને રાજય સરકારનું સુકાન સોંપાયા પછી ગણતરીના દિવસોમાં જ પ્રદેશ પ્રમુખની ખાલી પડેલી જગ્યા ભરી દેવાઈ છે. જીતુ વાઘાણી ભાવનગરના વતની હોવા ઉપરાંત લેઉઆ પાટીદાર છે અને સંઘ સાથે સંકળાયેલા હોઈ એમની નિમણૂક વિચારધારાની રૂએ તદ્દન સમયસરની છે. પ્રશ્ન એ છે કે ભારતીય જનતા પાર્ટીએ એની વધુમાં વધુ પકડ સૌરાષ્ટ્ર વિસ્તાર પર જાળવવાના ભાગરૂપે ભરેલ આ પગલાથી પ્રાદેશિક સંતુલન જોખમાયું છે. વિજય રૂપાણી સૌરાષ્ટ્રના વતની છે અને પ્રદેશ પ્રમુખ પણ સૌરાષ્ટ્રના આવ્યા. રૂપાણી જૈન વણિક છે, અને વાઘાણી લેઉઆ પાટીદાર છે. અમરેલી પંથકના પુરુષોત્તમ રૂપાલાને કેન્દ્રીય રાજય મંત્રી બનાવાયા છે. મનસુખ માંડવિયા સંગઠનને પણ કેન્દ્રીય રાજયમંત્રી તરીકે ઊંચકી લેવાયા છે. મનસુખ માંડવિયા સંગઠનક્ષેત્રે ખૂબ સારી કામગીરી બજાવતા રહ્યા છે. અમિત શાહનો ૨૦૧૭ની ચૂંટણીમાં વિજય રૂપાણીના નેતૃત્વ હેઠળ પાર્ટીને વિજય અપાવવાનો મદાર જાણે સૌરાષ્ટ્ર કેન્દ્રિત હોય એવી છાપ ઊભી થયા વિના રહેતી નથી. સૌરાષ્ટ્રના ધારાસભ્યોને રૂપાણી મંત્રીમંડળમાં ભરપૂર પ્રતિનિધિત્વ અપાયા પછી હવે પાટીદાર આંદોલનથી ઊભી થયેલી ભયજનક સ્થિતિને ખાળી શકાશે, એવો સધિયારો સૌરાષ્ટ્ર પૂરતો તો પાર્ટી જરુર લઈ શકે એમ છે. ઉત્તર ગુજરાતના ઉપપ્રમુખપદે નીતિન પટેલની નિમણૂક ઉપરાંત ક્ષત્રિય ઠાકોર સમાજના ધારાસભ્યોને મંત્રીપદાંની લહાણી કરીને પાટીદાર આંદોલનથી થનાર સંભવિત નુકશાન ભરપાઈ કરવાનો પ્રયાસ થયો છે. સૌરાષ્ટ્રની તમામ બેઠકો અંકે કરવાની વ્યૂહરચના સાથે સૌરાષ્ટ્રના પાટીદાર નેતાઓનું સુરત કનેકશન પણ ખપમાં લેવાની ગણતરી લાગે છે. રમણ વોરા જેવા સિનિયર દલિત નેતાની જગ્યાએ સૌરાષ્ટ્ર-સુરત સાથે સરખો સંબંધ ધરાવતા આત્મારામ પરમારને રૂપાણી કેબિનેટમાં સ્થાન અપાયું છે. શિસ્તબદ્ધ પાર્ટી માટે વ્યક્તિ કરતાં

**તંત્રીસ્થાનેથી...**

પદ જ મહત્ત્વનું હોઈ વાઘાણીની ઉંમર નેતૃત્ત્વમાં બાધક બનવાની સંભાવના નહીંવત્ છે. ઊલટાના એમના કારણે યુવાનો વધુ ઉત્સાહપૂર્વક કામે લાગશે અને સંભવતઃ યુવાનોને જ ચૂંટણીના મેદાનમાં ઉતારવાનો વ્યૂહ પણ વિચારાશે.

# વસુકી ગયેલા વર્ગખંડો

આ માણસ જાતનો ભરોસો કોણ રાખે ? એને પક્ષીઓના ટહુકાઓ નથી ગમતાં
ને પોપટને પાછો પાંજરામાં પૂરી રાખે, આ માણસ જાતનો ભરોસો કોણ રાખે ?
દરિયો માણવાની જરાય ફુરસદ નથી એને, ને માછલીઓને એક્વેરિયમમાં નાખે
આ માણસ જાતનો ભરોસો કોણ રાખે ?

(વોટ્સએપ)

સારા ટકા લાવવાની અપેક્ષાઓના ભાર તળે વિદ્યાર્થી દબાતોજાય છે. તેની સ્વતંત્રતા છીનવાતી જાય છે અને રેન્ક લાવવાનો બોજ વધતો જાય છે.બળાત્કાર એટલે બળપૂર્વક આચરાયેલું કૃત્ય. શું બળાત્કાર માત્ર મહિલાઓ પર જ થાયછે ? બળાત્કારનો શિકાર માત્ર સ્ત્રીઓ જ થાય છે. સાવ એવું નથી હોતું. બોર્ડની પરીક્ષા

આપનારા વિદ્યાર્થી પર બળાત્કાર થાય છે જ. બાળકનું મગજ અત્યાચારોનો ભોગ બને છે.આપણે આપણા બાળકો અને વિદ્યાર્થીઓ પર બળાત્કાર કરીએ છીએ. આજે બોર્ડની એકઝામઆપતા દરેક વિદ્યાર્થી પર બળાત્કાર થાય છે. અને આપણે સૌ કૌરવ સભાના પાંડવોની જેમનિઃસહાય થઈને જોયા કરીએ છીએ. બાળક પીસાતું રહે છે, દબાતું રહે છે. અને અકળાતું રહેછે. કેટલાક મહત્વાકાંક્ષી વાલીઓ દુર્યોધન અને દુઃશાસનની ભૂમિકામાં જોવા મળે છે. કૌરવસભામાં ઉપસ્થિત સૌને આ ઘટના એ તો હોય... એ તો કરવું જ પડે.... જેવા ઉદ્‌ગારો સાથેખૂબ જ સામાન્ય લાગે છે.કૌરવોની સભા વચ્ચે વિદ્યાર્થી ઊભો છે. આપણે સૌ લાચાર બનીને આ ઘટનાને નિહાળીએછીએ. કોઈક વિકર્ણ બનવાની કોશિશ કરે છે તો તેને સભા બહાર મૂકી દેવામાં આવેછે.અત્યાચારનો આ દોર સહર્ષ સ્વીકારવામાં આવે છે. તે વર્ષોવર્ષ ચાલ્યા કરે છે. અનેચાલતો રહેશે....!

સમજીને વાંચો અને સમજીને ભણો માત્ર વાતો જ રહી જાય છે.... બોર્ડની એકઝામનો અભ્યાસક્રમ જ એટલો લાંબો હોય છે કે સમજવાનો સમય જ મળતો નથી. માત્ર ગોખી જ નાખવું પડે છે. સૌના આશ્ચર્ય વચ્ચે ગાઈડ કે અપેક્ષિતમાંથી ગોખેલાના માર્કસ મળે છે મૌલિક લખાણને માર્કસ હોતા જ નથી.વિદ્યાર્થી પોતે સમજે અને સમજીને જો લખે તો તે લખાણ મૌલિક જ લખાય. પણ મૌલિક લખાણને ગપ્પાં માર્યા છે તેવા વિશેષણ સાથે હાંસિયા બહાર ધકેલી દેવામાં આવે છે. જેથીગોખણપટ્ટીને વેગ મળે છે. કોઈ ગમે તે કહેતું હોય પણ ગોખણપટ્ટી સિવાય બોર્ડની પરીક્ષામાં અન્ય કોઈ વિકલ્પ નથી.!! (અપવાદરૂપ વિષયોને બાદ કરતાં) અરે... વિદ્યાર્થીઓ આખે આખો નિબંધ પણ ગોખી નાખે છે. અહેવાલ લેખન, પત્રલેખન .. વગેરે વગરે... આ રીતે આપણે પરોક્ષ રીતે ગોખણપટ્ટીને પ્રોત્સાહન આપતા હોઈએ છીએ. વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય તેવું આપણે ઈચ્છીએ છીએ. શાળા આ તરેહનો વિકાસ કરવામાં ઊણી ઊતરે છે. સર્વાંગી વિકાસ તો બાજુ પર રાખો માત્ર સ્મરણશકિત અને સ્મૃતિશકિતનો જ વિકાસ થાય છે. જેની સ્મરણ શકિત વધુ તેજ હશે તે ટોપ કરશે.

તળપદી ભાષામાં કહીએ તો જે વિદ્યાર્થી સારો ગોખણિયો હોય અને ગોખેલું ત્રણ કલાકમાં લખી શકે તે ટોપર ગણાય !!!

મારા તમારા જેવા આવી ચર્ચાઓ કરે અને દુઃખી થાય, સ્વાભાવિક છે. પરંતુ શિક્ષણ સચિવો અને શિક્ષણમંત્રી પણ આવી ચર્ચામાં ભાગ લે અને કહે કે શિક્ષણનું તંત્ર સુધારવાની તાતી જરૂર છે ત્યારે ખૂબ નવાઈ લાગે છે, આશ્ચર્ય થાય છે અને આઘાત પણ લાગે છે.

હવે વિવિધ ઉત્સવો જેવાકે ગુણોત્સવ, પ્રવેશોત્સવ, વગેરેનાં મહિમા અને અગત્યતા ઓસરવા લાગ્યાં છે. બધુ કાગળ ઉપર હોય છે. કાગળનાં આંકડા અને વાસ્તવિક આંકડા વચ્ચે ઘણોજ તફાવત હોય છે તેમ સમાચારપત્રો લખે છે. કેટલાક પ્રામાણિક શિક્ષકો આ




સમાચારનેઆવકારે છે. (અપવાદ કેટલીક કર્મઠ શાળાઓ)

પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. ઝાકીર હુસેને એક સભામાં કહેલું કે "શિક્ષણમાં રાજકારણ પ્રવેશે તેના કરતાં રાજકારણમાં શિક્ષણ ભળવું જોઈએ."

આજે ઠેર ઠેર રાજકીય નેતાઓની જ સ્કૂલો છે. મોટાભાગના સંચાલક મંડળોરાજકારણીઓના જ હોય છે. તેમના જ સગાને સંબંધીઓ સ્કૂલો, કોલેજો ચલાવે છે. સરકારી ગ્રાન્ટ મેળવાય છે. શિક્ષણની દુકાનમાં એડમિશન થાય છે. પરીક્ષા લેવાય છે. પરિણામ જાહેર થાય છે. અને ફરીથી એક નવી દુકાન જન્મ લે છે.

આજે શિક્ષણની હાટડીઓ ખૂલે છે, વાલી ફીમાં લૂંટાય છે. વિદ્યાર્થી પર શિક્ષણના નામે બળાત્કાર થાય છે, અભ્યાક્રમના નામે બિનજરૂરી માહિતી ઠાંસી ઠાંસીને ભરવામાં આવે છે. નિઃસહાય અને વિવશતાથી સમગ્ર ઘટનાના સાક્ષી બનવાના દુર્ભાગ્યનો અંત આવશે ખરો ? પુનઃ સવાલ તો એ જ પડઘાય છે કે બાળક સમજીને ભણે એવો અભ્યાસક્રમ ક્યારે ? સમજીને લખે તેવાં પુસ્તકો ક્યારે લખાશે ? વિદ્યાર્થીની માત્ર સ્મૃતિશકિત જ નહિ પરંતુ સર્વાંગી વિકાસ થાય તેવી સ્થિતિનું નિર્માણ ક્યારે કરી શકીશું ? વિદ્યાર્થી પર થતાં બળાત્કાર બંધ કરવાની આપણી હેસિયત ખરી ? કૌરવોની સભા છોડીને વટભેર વિદ્યાર્થીની પડખે રહેવાની હિંમત વાલીઓ ક્યારે મેળવી શકશે ?

મિસરી
હુ નમી ગયો એની સામે , કેમ કે,
મારે વટ નહી સંબધ રાખવો હતો

(ડો અજયસિંહ ચૌહાણ)

# "હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે..."

ભક્તિભાવ અને ઉપવાસના અનોખા અનુબંધ સમા પવિત્ર શ્રાવણ માણસમાં મહાત્મા ગાંધીની અનશન પ્રત્યેની આસક્તિ અને ભજન પ્રીતિની વાત આજે કરવી છે.

મહાત્મા ગાંધીના જીવનમાં પ્રાર્તના અને ભજનનું વિશેષ મહત્વ હતું. આશ્રમ જીવન અને સત્યાગ્રહ આંદોલનમાં ભજન હંમેશા માટે હાજરી પૂરાવતું હતું. ભજનએ ધાર્મિકતા નહીં પરંતુ આધ્યાત્મિકતાને જોડતી ધર્મની કડી છે એમ ગાંધીજી કહેતા હતા. દરેક ભજન પાછળના સૂક્ષ્મ તર્કને એ ચર્ચતા પણ હતા. રોજ સાંજે નિયમિત થતી પ્રાર્થના સભામાં ભજય નિયમિત ગવાતા હતા. ભજન બાપુના જીવન સાથે એવી રીતે વણાઈ ગયા હતા કે ખુદ મહાદેવભાઈ દેસાઈ પણ તેમની ડાયરીના પાને આ રીતે ઉલ્લેખ કરે છે. 'રેહાનાનો (અબ્બાસઅલી તૈયબજીના દિકરી) કાગળ તો કંઈ જાણે 'વ્રજની ગોપી' યાદ કરાવે એવો છે.'

૧૯૩૨ની ૨૦મી સપ્ટેમ્બરે ગાંધીજીએ અલગ મતદાર મંડળની માગણી સામે ઉપવાસ કર્યા હતા. અનશનના આ મંગળ પ્રભાતે સવારે ભગવદ્‌ગીતાનો પાઠ કર્યા બાદ બપોરે બાર વાગે 'ઉઠ જાગ મુસાફિર ભોર ભઈ -' ભજન સાથે તેમના ઉપવાસ શરૂ થયાં હતા. પરચૂરે શાસ્ત્રી ઉપનિષદમાંથી મંત્રો બોલે, કવિ 'જીવન જખન શુકાયે જાય' ગાય, અને ભક્ત કવિ મહેતા નરસિંહનું 'વૈષ્ણવ જન' ગવાય. એ પછી સૌને ફળ વહેંચાય. જેલમંડળ પણ ભજનમાં હાજર થઈ ગયું હોય અને ફળ લીધાં હોય. એવો ક્રમ ઉપવાસમાં નિયમિત બન્યો હતો.

૧૯૩૨ના એ અનશન સમયે કેદી મો.ક. ગાંધી સાથે કસ્તુરબા પણ હતા. પરંતુ મેજર ભંડારીએ કસ્તુબાને છોડી મૂકવા ભલામણ કરી હતી કે જો 'સરોજિની નાયડુને અહીં લાવવામાં ન આવે તો બાને પણ હું મળવા ઈચ્છતો નથી -' બાપુ એમ કહેતો? - એ કારણે મેજર ભંડારીએ આવી ભલામણ કરી હતી. આમ, અનશન સમયે કસ્તુરબા બાપુ સાથે રહી શક્યા ન હતાં. સાંજે 'બા' ને જવું પડ્યું હતું. એ રાત્રે પણ (૨૯ સપ્ટેમ્બર ૧૯૩૨) 'હરિને ભજતાં હજી કોઈની લાજ, જતાં નથી જાણી રે '- રે ભજન ગવડાવ્યું હતું. એ દિવસે નિયમ પ્રમાણે તો 'યે બહારે

**પવિત્ર શ્રાવણ માસમાં વાત ભોજનના ત્યાગીની ને ભજન આશિકીની...**

બાગ દુનિયા' - નો વારો હતો એમ મહાદેવભાઈ ડાયરીમાં નોંધે છે. ડાયરીની નોંધમાં મહાદેવભાઈને બાપુનો સંવાદ પણ તેમણે નોંધ્યો છે. મહાદેવભાઈ લખે છે : 'વારો નથી તો પણ 'હરિને ભજતાં' જ ગાવું છે ? - બાપુ કહે : 'હા, તો પણ.' બાપુ આ ભજનનો એક ઈતિહાસ છે એમ કહેતા કહે છે 'એકવાર હરજીવન કોટકને કાગળ લખતો હતો અને આ ભજન યાદ આયું. બસ પછી કેમે કરીને એ કેટલાય દિવસ સુધી મનમાંથી નીકળે જ નહીં. ત્યાર પછી તમે (મહાદેવભાઈએ) ઉપવાસમાં એક દિવસ ગાયું. મેં ફરી ગવરાવ્યું અને રોજ ગવડાવું છું, કારણ તૃપ્તિ થતી જ નથી.' (મ.ભાઈની ડાયરી-૨, પૃ.૮૯)

અનશન સમાપ્તિના થોડા દિવસો બાદની સાયંપ્રાર્થનામાં 'નિંદક બાબા વીર હમારા' ગવાયું. બાપુ કહે : આ ભજન આપણે ગાઈ શકીએ ખરાં? મહાદેવભાઈએ કહ્યું, 'એને બહુ ચૂંથવા જાઓ તો કદાચ તે ન ગાવા જેવું લાગે પણ મને તો એમાંથી ક્ષમાભાવનો જ ધ્વનિ નીકળતો લાગે છે.' બાપુ કહે છે 'મેં પણ એમ જ માન્યું છે પણ, આજે મને સૂઝ્યું કે




'આપણે એમ ઈચ્છીએ કે જુગ જુગ જીવો નિંદક મારા! - આ આખા ભજનમાં કટાક્ષ નથી ?' મહાદેવભાઈ : 'મને નથી લાગતું કટાક્ષ હોય. મને તો એ ભજન વાંચીને ઘણઈવાર તમારી જ (મહાત્મા ગાંધીની) વૃત્તિઓ અંદર ધ્વનિત થતી હોય એમ લાગ્યું છે.' ઘણીવાર બાપુની ટીકા થતી ત્યારે તેઓ ટીકા સારી છે એમ કહેતા અને એના લાભો ગણાવતાં એની યાદ મહાદેવભાઈ અપાવે છે.

પણ ઝીણું ઝીણું કાંતનારો અને જેના કાંતેલમાં કોઈ દી' ફોદો ન હોય એવો ગાંધીડો આપણો દલીલ કરે છે 'ભજનનો રાગ મધુર છે, શબ્દ રચના પણ સુંદર છે, ભજન ગાવું હંમેશા ગમ્યુ છે પણ આજે વિચાર થયો કે આપણી નિંદા કરનારો હંમેશા નિંદાનો જ ધંધો કર્યા કરે, પોતે ડૂબ્યાં કરે અને બીજાને તાર્યા કરે એમ આપણે પ્રાર્થના કરી શકીએ ખરા?'

ગાંધીના ઘડતરે જેનું જડતર કર્યું એવા મહાદેવભાઈ સામે પોતાની વાત મૂકે છે 'ભકતોનાં ભજનો તે તે વેળાની મનોવૃત્તિના પડઘા છે આમાંથી ક્ષમાભાવ ઉપદેશવા સિવાય એનો બીજો કોઈ ઉદ્દેશ હોય એમ હું માનતો નથી. બાકી એનું પૃથ્થકરણ કરતા સંભવ છે કે એમાંથી ક્ષમા નીકળવાને બદલે તિરસ્કાર નીકળે.'

મહાદેવભાઈની વાત સાથે સંમત થતા બાપુ કહે છે : 'બસ એ જ મારું કહેવું છે. એમાં કટાક્ષ છે અને નિંદકનો તિરસ્કાર છે. દુષ્ટમાં દુષ્ટ માણસ પણ દુષ્ટતા છોડે એમ આપણે ઈચ્છીએ, દુષ્ટતામાં કાયર રહે એમ કદી ન ઈચ્છીએ. આ ભજન ગવાય કે નહીં એ વિચાર તો મને એટલા માટે આવ્યો કે 'ભજનાવલિ' ની નવી આવૃત્તિનો વિચાર કરી રહ્યો છું ના ? - એમ હસતા હસતાં બાપુ કહે છે.' (મ.ડા. ભાગ-૨, પૃષ્ઠ : ૧૫૨)

**(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**

# આ રવિવારે 'સર્જક'ની કેફિયત

● ગાંધીનગર સાહિત્યસભા વૃત્ત

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા, મા ગરવી ગુર્જરીના પનોતા ગુજરાતી સાહિત્યને સદિશ મહેંકતું, ધબકતું અને ધડકતું રાખવા યોજાતા કાર્યક્રમો પૈકીના કાર્યક્રમ 'સર્જકની કેફિયત' અંતર્ગત; લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પો.ના નિવૃત્ત અધિકારી અને સાહિત્યકાર નાથાલા દેવાણીએ ગુજરાતી સાહિત્યની ગદ્ય અને પદ્યની ઉત્તમ કૃતિઓને સ્વ - હસ્તાક્ષરોમાં બહાર પાડેલ ૮ થી ૯ હસ્તલિખિત સંકલનો બાબતે તથા ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય 'ભીખુ કવિ'ની સ્વલિખિત રચનાઓનો સ્વમુખે પઠનનો કાર્યક્રમ, પ્રમુ ભરત કવિના અધ્યક્ષ સ્થાને તા.૧૪-૮-૧૬ને રવિવારના રોજ સાંજના ૫.૩૦ વાગે, નમન એપાર્ટ., સે-૨૧, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે, તો આ સાહિત્યિક કાર્યક્રમને માણવા અચૂક પધારવા; નગરના મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્ય રસિકો અને ભાવકો તથા ગાંધીનગર સાહિત્યસભાના સર્વે સભ્યોને જાહેર નિમંત્રણ છે.

● શબ્દ સંવાદ તથા મા.જે. પુસ્તકાલયના સંયુક્ત ઉપક્રમે કવિ ચંદુ મહેસાનવીના કાવ્ય સંગ્રહ 'બેસણું' નો વિમોચન અને લોકાર્પણવિધિના કાર્યક્રમ ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાના અધ્યક્ષ સ્થાને અને કવિ ધુની માડલિયાના અતિથિ વિશેષ પદે તા.૧૩-૮-૧૬ને શનિવારના રોડ સાંજે ૫.૦૦ વાગે એમ. જે. લાઈબ્રેરી, ટાઉનહોલ ખાતે, અમદાવાદ ખાતે યોજાશે. જેનું સંચાલન હિમાંશુ રાય 'ફકીર' કરશે. આ પ્રસંગે બેઝાર સાસ્તાપુરી, ગોવિંદ દરજી 'દેવાશું' તથાગત પટેલ, પ્રફુલ્લ દવે, રશીદ મુનશી, ઉસ્માન મલિક, પ્રહલાદ ચાવડા, શબ્બીર હાસ્મી, ગીરીશ પરમાર વિગેરે કાવ્યપઠન કરશે. જેમાં ભાવકો અને સાહિત્ય રસિકો ઉપસ્થિત રહી શકશે...

● હિન્દુ રિસર્ચ ફાઉન્ડેશન હિંમતનગરના ઉપક્રમે તા.૧૩-૮-૧૬ને શનિવારના રોજ જગદીશ હોલ,મહાવીર નગર ચોકડી, હિંમતનગર ખાતે 'હમારા સમય, સમાજ ઔર મહાભારત' (મહાભારત આધુનિક સંદર્ભે) વિગેરે રાષ્ટ્રીય સેમિનાર તથા ૩૧ પુસ્તકોનો વિમોચન સમારોહ, વિનાયક વિદ્યાપીઠ ભૂણાસ - ભીલવાડાના નિર્દેશક દેવેન્દ્ર કુંપાવત, અધ્યક્ષપદે અને વિ.હિ.પ. નવી દિલ્હીના સં.મ. મંત્રી ડૉ. સુરેન્દ્ર જૈનના મુખ્ય મહેમાનપદે યોજાશે. ડૉ. વિનોદ બબ્બર (દિલ્હી), પ્રા. રવીન્દ્ર ખાંડવાલા (અમદાવાદ), ડૉ. પ્રેમજી પટેલ (તલોદ), ભગવાનદાસ પટેલ (અમદાવાદ), ડૉ. શાંતિકુમાર પંડ્યા (અમદાવાદ), ડૉ. હર્ષદેવ માધવ (અમદાવાદ), ડૉ. મધુસૂદન વ્યાસ (શામળાજી) કલ્પેશ પટેલ (સોનારડા), ગાંધીનગર સાહિત્ય સભાના ઉપપ્રમુખ નટવર હેડાઉ (ગાંધીનગર) મહેન્દ્રસિંહ (પટણા) ભાગ લેશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. રૂપા ભટ્ટ અને ડૉ. ભારતી ચૌધરી કરશે.

● ગુજરાત સાહિત્ય અકાદમી અને ગર્વમેન્ટ આર્ટ કૉલેજ, મણિનગર, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે 'ટૂંકી વાર્તા' વિશેષનો એક નવતર અને અનોખો કાર્યક્રમ તાજેતરમાં યોજાઈ ગયો, જેમાં 'ચાલો, ટૂંકી વાર્તાને માણીએ અને જાણીએ' અંતર્ગત, સાહિત્યને વિદ્યાર્થીમાં વધારે અભિમુખ કરવા અને વિદ્યાર્થીઓમાં સાહિત્ય અન્વયે વિશેષ રૂચિ અને પ્રીતિ જન્મે તે માટે અને ગુજરાતી સાહિત્યને વધુ ને વધુ લોકાભિમુખ કરવાની તથા વ્યાપક કરવાની ભાવનાને અનુલક્ષીને આ વિશિષ્ટ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના ઉદ્‌ઘાટક અકાદમીના અધ્યક્ષ અને કવિ ભાગ્યેશ જહા હતા. કૉલેજના આચાર્યા ડૉ. ગીતા પંડ્યાએ અને કે.કા. શાસ્ત્રીના સાહિત્યિક પ્રદાનને યાદ કરી, એમના જ નામે સ્થપાયેલી આ સંસ્થામાં આ અનોખો કાર્યક્રમ યોજાવાનો આનંદ વ્યક્ત કર્યો હતો અને કાર્યક્રમ યોજાયાનો આનંદ વ્યક્ત કર્યો હતો અને કાર્યક્રમ ચાવીરુપ સાહિત્યકાર સુમન શાહે ગુજરાતી ભાષા અને સાહિત્યની ચિંતા વ્યક્ત કરી. એને સર્વવ્યાપક બનાવવાની ખેવનાને બળ પુરું પાડ્યું હતું. ટૂંકી વાર્તાની આનંદ સાથેની પ્રાપ્તિ માટે જાણીતી સાહિત્યકાર સુમન શાહે ધૂમકેતુની વાર્તા 'પૃથ્વી અને સ્વર્ગ'; દ્વિરેફની વાર્તા 'ખેમી'; પન્નાલાલ પટેલની વાર્તા 'ચીસ' અને સુરેશ જોષીની વાર્તા 'થીંગડું' ને નાટ્યરુપ આપતું વાચિકમ્ તૈયાર કર્યું હતું, જેમાં સહભાગી કલાકારો તરીકે સુમન શાહ, નિસર્ગ આહીર, ગૌરાંગ અમીન, લતા હિરાણી, જિતેન્દ્ર મેકવાન, પૂર્વી ઓઝા, છાયા ત્રિવેદી, સાગર શાહ અને અભિમન્યુ આચાર્ય હતા. પરિસ્કૃત વાર્તાના પ્રસિદ્ધ લેખક મણીલાલ હ. પટેલે પોતાની કૅફિયત રજૂ કરી હતી. તેમની વાર્તાઓમાં લોકચેતના કઈ રીતે પ્રવેશે છે અને વાર્તા કઈ રીતે રચાય છે, તેની રસાળ અને સરળશૈલીમાં વાત કરી જીવનના અનુભવો અને કૌટુંબિક અનુભવોનું કઈ રીતે રૂપાંતર થાય છે તે સમજાવ્યું હતું. જયારે દલિત કવિ દલપત ચૌહાણે પોતાની કૅફિયત રજૂ કરી, દલિતોને ભોગવવી પડતી વેદના અને પીડામાંથી તૈયાર થતી વાર્તાની ભૂમિ બાબતે જણાવી; વાર્તારચનાના પડાવોનું રસાળ શૈલીમાં, સરળ નિરુપણ કર્યું હતું. વાર્તાકારોની કૅફિયતના સંચાલક તરીકેની ભૂમિકા સુપ્રસિદ્ધ સર્જક અને દિલ્હી અકાદમી એવોર્ડ વિજેતા વાર્તાકાર ડૉ. મોહન પરમારે નિભાવી; મણિલાલ પટેલ તથા દલપત ચૌહાણ એમ બંનેની વિશેષતા અને સાહિત્ય સેવાને ઉચિત રીતે રજૂ કરી હતી.




● ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં જુદા જુદા વિષયો પર વ્યાખાનો યોજવામાં આવે છે, જે સંદર્ભમાં આર.એલ. સંઘવી અને મંજુલાબહેન આર. સંઘવી વ્યાખ્યાનમાળામાં તા. ૧૫-૬-૧૬ના રોજ 'વૈજ્ઞાનિક મિજાજ' વિશે વ્યાખ્યાન આપ્યું હતું. આપણા દેશના બંધારણમાં પ્રત્યેક ભારતીય નાગરિકની મૂળભૂત ફરજોમાં સને ૧૯૭૬થી 'વૈજ્ઞાનિક મિજાજ'નો વિકાસ કરવાની બાબત ઉમેરાયેલ છે. વૈજ્ઞાનિક મિજાજ ફક્ત વિજ્ઞાનમાં જ નહીં, પરંતુ સામાજિક, આર્થિક અને માનવજીવનના બધા જ ક્ષેત્રોમાં ઉપર્યુક્ત છે અને વૈજ્ઞાનિક મિજાજમાં સાહસિકતા અને આલોચનાના ગુણોનો સમાવિષ્ટ હોય છે અને તેમાં સત્ય અને જ્ઞાનના અન્વેષણની અદમ્ય તમન્ના હોય છે અને અનુચિત રૂઢિ, અંધશ્રદ્ધા અને કપટનો વિવેકબુદ્ધિથી બહિષ્કાર કરે છે. આ કાર્યક્રમના પ્રારંભે મૂર્ધન્ય સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઈએ વકતાનું સ્વાગત કર્યું હતું.

● ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટની ભદ્રંકર વિદ્યાદીપક વ્યાખ્યાન શ્રેણી અંતર્ગત તા. ૨૨-૬-૨૦૧૬ના રોજ જાણીતા લેખક, પત્રકાર અને સંશોધક વિષ્ણુભાઈ પંડ્યાએ તેમના વ્યાખ્યાનમાં, ગુજરાતના બે સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણી અને જયભિખ્ખુના જીવન વિશે અને એમણે અનુભવેલા સંઘર્ષો વિશે વાત કરતાં જણાવ્યું હતું કે, બંનેમાં એક સર્જક તરીકેનું સ્વમાન ખમીર અને માનવીય તત્ત્વ હતું. બંને સર્જકો ગુજરાતી સાહિત્યના 'સમુરાઈ' - વીર ધર્મના સમર્પિત યોદ્ધા હતા. વિશ્વકોશ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કુમારપાળ દેસાઈએ વિષ્ણુભાઈ પંડ્યાને એક બહુમુખી પ્રતિભાધારક સર્જક ગણાવ્યા હતા અને વિશેષમાં જણાવ્યું હતું કે સ્વતંત્રતાની હિફાજત માટે કટોકટીના કાળમાં વિષ્ણુભાઈએ એક વર્ષનો કારાવાસ પણ ભોગવ્યો હતો.

● શામળદાસ કૉલેજના સ્વામી વિવેકાનંદ સભાગૃહમાં ભાવનગર ગદ્યસભાના ઉપક્રમે નસીમ મહુવાકર અને હરીશ મહુવાકરના લઘુકથા સંગ્રહ 'ફરીથી' અને હરીશ મહુવાકરના વાર્તાસંગ્રહ 'મારગ વારતાનો' એ સંગ્રહોનું વિમોચન અને લોકાર્પણ વિધિ દંપતીના બાળકો રિહાન અને કુ. ઈશાના હસ્તે તા. ૨૫-૬-૨૦૧૬ના રોજ કરાયો. જેમાં સુપ્રતિષ્ઠિત લઘુકથાકાર પ્રા. ડૉ. પ્રેમજી પટેલે 'લઘુકથા : સર્જકપ્રક્રિયા' વિષે સમાલાપ કર્યો હતો.

- muljibhaidadhi@gmail.com